# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૦૫/૦૨/૨૦૨૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

**Re-Accredited Grade "A" by NAAC**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની ફેબ્રુઆરી માસની સામાન્ય સભા તા.૦૫/૦૨/૨૦૨૦ને બુધવારના રોજ બપોરના ૧૦:૩૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. નીતીનભાઈ પેથાણી -કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડૉ. વિજયભાઈ એન. દેસાણી -ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૦. | ડૉ. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | ગેરહાજર |
| ૧૧. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૨. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૩. | ડૉ. નેહલભાઈ સી. શુકલ | ગેરહાજર |
| ૧૪. | ડૉ. અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૫. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |
| ૧૬. | ડૉ. ભરતભાઈ રામાનુજ | હાજર |
| ૧૭. | શ્રી ભરતભાઈ ઝવેરભાઈ વેકરીયા | હાજર |
| ૧૮. | ડૉ. પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |

સભાની શરૂઆતમાં સિન્ડિકેટ દ્વારા ડૉ. મેહુલભાઈ રૂપાણીને "બુકફેર એન્ડ લીટરેચર ફેસ્ટીવલ" તથા ડૉ. ભારતભાઈ રામાનુજને "યુથ પાર્લામેન્ટ" નાં સફળ આયોજન માટે અભિનંદન પાઠવવામાં આવેલ.

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૦/૧૨/૨૦૧૯ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૦/૧૨/૨૦૧૯ની મીનીટ્સ નીચે મુજબનાં સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.

ઠરાવ નં.-૧૯

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત નામંજૂર કરવી." નાં સ્થાને નીચે મુજબનો સુધારો કરવો.

"આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિ, ફાયનાન્સ સમિતિ, EDAC, EDIC સમિતિમાં સિન્ડિકેટ સભ્ય સમિતિના સભ્ય તરીકે હાજરી આપે ત્યારે સીટિંગ એલાઉન્સ રૂપે પ્રતિ સભા રૂ.૧૦૦૦/- સીટિંગ એલાઉન્સ તરીકે મહેનતાણું ચૂકવવું."

ઠરાવ નં.-૨૯

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં લીગલ વિભાગમાં ખાલી પડેલ નાયબ કુલસચિવની જગ્યાનો ડૉ. પ્રિ. વિમલભાઈ પરમાર, આચાર્યશ્રી, શ્રી કે.પી.શાહ લો કોલેજ, જામનગર ને વધારાનો હવાલો સોંપવો." નાં સ્થાને નીચે મુજબનો સુધારો કરવો.

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં લીગલ વિભાગમાં નાયબ કુલસચિવની જગ્યા ખાલી હોય, જરૂર જણાયતો ડૉ. પ્રિ. વિમલભાઈ પરમાર, આચાર્યશ્રી, કે.પી. શાહ લો કોલેજ, જામનગરનું માર્ગદર્શન મેળવવું."

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૦/૧૨/૨૦૧૯ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૦/૧૨/૨૦૧૯ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.

(નોંધ: કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)

3 સિન્ડિકેટ — તા.૦૭/૧૨/૨૦૧૯ના રોજ મળેલ સેનેટની (વાર્ષિક) સભામાં કામકાજ ક્રમાંક ૧૩ ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સેનેટ સભ્યશ્રી ડો. નિદત્તભાઈ બારોટ

"સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવામાં આવે કે બી.એડ. કોલેજનાં તાલીમાર્થીઓને અન્ય પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓની માફક ટેબલેટ આપવામાં આવે."

ઉપર્યુક્ત પ્રસ્તાવ સેનેટ સભ્યશ્રી ડો. નિદત્તભાઈ બારોટે રજૂ કર્યો હતો અને તેને સેનેટ સભ્યશ્રી ડૉ. બી. બી. રામાનુજે ટેકો આપ્યો હતો.

"ચર્ચા વિચારણા બાદ સદ્દરહુ પ્રસ્તાવનો સર્વાનુમતે સરકારશ્રીને ભલામણ કરવા અર્થે સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો."

**આથી ઠરાવવામાં આવે છે કે કાયદા વિદ્યાશાખાના એલએલ.બી. તેમજ શિક્ષણ વિદ્યાશાખાના બી.એડ. અભ્યાસક્રમ માટે ટેબલેટ સહાય આપવા માટે રાજ્ય સરકારશ્રીના સંબંધિત એકમને ભલામણ કરવી.**

૪ સિન્ડિકેટ — તા.૦૭/૧૨/૨૦૧૯ના રોજ મળેલ સેનેટની (વાર્ષિક) સભામાં કામકાજ ક્રમાંક ૧૪ ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સેનેટ સભ્યશ્રી ડો. નિદત્તભાઈ બારોટ

"સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ અનુદાનિત સરકારી કોલેજોને યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતા ડેવલપમેન્ટ ફંડ અને સ્પોર્ટસ ફીમાંથી રમત-ગમતના અને અન્ય શૈક્ષણિક સાધનો આપવામાં આવે."

ઉપર્યુક્ત પ્રસ્તાવ સેનેટ સભ્યશ્રી ડો. નિદત્તભાઈ બારોટે રજૂ કર્યો હતો અને તેને સેનેટ સભ્યશ્રી ડૉ. તોસીફભાઈ પઠાણે ટેકો આપ્યો હતો.

"ચર્ચા વિચારણા બાદ સદ્દરહુ પ્રસ્તાવની નોંધ લેવામાં આવી."

**આથી ઠરાવવામાં આવે છે કે સદ્દરહુ પ્રસ્તાવની નોંધ લેવી.**

૫ સિન્ડિકેટ — તા.૦૭/૧૨/૨૦૧૯ના રોજ મળેલ સેનેટની (વાર્ષિક) સભામાં કામકાજ ક્રમાંક ૧૬ ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સેનેટ સભ્યશ્રી ડો. તોસીફ પઠાણ

"ઓલ ઈન્ડીયા ઇન્ટર યુનિ.માં રમાતી તમામ રમતોનું આયોજન પણ સૌરાષ્ટ્ર યુનિ. ની ઈન્ટર કોલેજોની ટુર્નામેન્ટમાં થાય તેવો પ્રસ્તાવ રજુ કરું છું."

ઉપર્યુક્ત પ્રસ્તાવ સેનેટ સભ્યશ્રી ડો. તોસીફ પઠાણે રજૂ કર્યો હતો અને તેને સેનેટ સભ્યશ્રી ડૉ. આર. ડી. વાધાણીએ ટેકો આપ્યો હતો.

"ચર્ચા વિચારણા બાદ સદ્દરહુ પ્રસ્તાવને સક્ષમ સત્તામંડળ સમક્ષ રજૂ કરવા સ્વીકાર કરવામાં આવ્યો."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત પ્રસ્તાવનો સ્વીકાર કરવો.**

૬ સિન્ડિકેટ તા.૦૭/૧૨/૨૦૧૯ના રોજ મળેલ સેનેટની (વાર્ષિક) સભામાં કામકાજ ક્રમાંક ૧૭ ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સેનેટ સભ્યશ્રી ડો. તોસીફ પઠાણ

"સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં જે વિષયોમાં સ્નાતક, અનુસ્નાતક અને એમ.ફીલ. કક્ષાએ યુનિવર્સિટીમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને સુવર્ણ ચંદ્રક આપવામાં આવતો ન હોય તે તમામ વિષયોમાં યુનિવર્સિટીએ પોતાના ફંડમાંથી સુવર્ણ ચંદ્રક આપવા જોઈએ તેવો પ્રસ્તાવ રજૂ કરું છું."

ઉપર્યુક્ત પ્રસ્તાવ સેનેટ સભ્યશ્રી ડો. તોસીફ પઠાણે રજૂ કર્યો હતો અને તેને સેનેટ સભ્યશ્રી ડૉ. પ્રિયવદન જીવરાજભાઈ કોરાટે ટેકો આપ્યો હતો.

"ચર્ચા વિચારણા બાદ સદ્દરહુ પ્રસ્તાવને સક્ષમ સત્તામંડળ સમક્ષ રજૂ કરવા સ્વીકાર કરવામાં આવ્યો."

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સ્નાતક અને અનુસ્નાતક કક્ષા એ દાતાના દાન માંથી સુવર્ણ ચંદ્રક આપવામાં આવે છે પરંતુ જે સ્નાતક અને અનુસ્નાતક વિષયોમાં દાતા દ્વારા દાન આપવામાં આવેલ નથી તેવા વિષયોમાં યુનિવર્સિટી દ્વારા સ્વ ભંડોળ માંથી સુવર્ણ ચંદ્રક આપવાની નીતિ અમલમાં હોય, ઉપર્યુક્ત બાબતની નોંધ લેવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.ફીલ ક્ક્ષાએ યુનિવર્સિટીનાં સ્વ ભંડોળ માંથી સુવર્ણ ચંદ્રક ન આપવા.**

૭ સિન્ડિકેટ તા.૦૭/૧૨/૨૦૧૯ના રોજ મળેલ સેનેટની (વાર્ષિક) સભામાં કામકાજ ક્રમાંક ૧૮ ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સેનેટ સભ્યશ્રી ડો. સુરભિ જી. દવે

"આથી આજની સેનેટની સભા ઠરાવે છે કે જામનગર જિલ્લામાં બીએસ.સી. બાદ એમએસ.સી. માટેની એકપણ કોલેજ ન હોઈ જામનગરની સરકારી બીએસ.સી. કોલેજમાં

એમએસ.સી.નો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવે તે જ રીતે સુરેન્દ્રનગર અને અન્ય જિલ્લામાં જિલ્લા સ્તરે સરકારી સાયન્સ કોલેજોમાં એમએસ.સી. એમએસ.સી.નો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવે. આ અંગે કરવાની થતી કાર્યવાહી કરવા માટે સંબંધિત સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

ઉપર્યુક્ત પ્રસ્તાવ સેનેટ સભ્યશ્રી ડો. સુરભિ જી. દવેએ રજૂ કર્યો હતો અને તેને સેનેટ સભ્યશ્રી ડૉ. એમ.જી. જાડેજાએ ટેકો આપ્યો હતો.

"ચર્ચા વિચારણા બાદ સદ્દરહુ પ્રસ્તાવનો સર્વાનુમતે નોંધ લેવામાં આવી."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત પ્રસ્તાવની નોંધ લેવી.**

૮ સિન્ડિકેટ — તા.૦૭/૧૨/૨૦૧૯ના રોજ મળેલ સેનેટની (વાર્ષિક) સભામાં કામકાજ ક્રમાંક ૧૯ ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સેનેટ સભ્યશ્રી ડો. સુરભિ જી. દવે

"આથી આજની સેનેટની સભા ઠરાવે છે કે કોલેજોની મંજુરી માટેની LIC ની ટીમ દ્વારા LIC દરમિયાનની તારીખ/સમય સાથેની વિડીયોગ્રાફી કરવામાં આવે જે LICની પારદર્શકતા માટે ખૂબ જ જરૂરી હોય તે અંગે કરવાની થતી કાર્યવાહી માટે સંબંધિત સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

ઉપર્યુક્ત પ્રસ્તાવ સેનેટ સભ્યશ્રી ડો. સુરભિ જી. દવેએ રજૂ કર્યો હતો અને તેને સેનેટ સભ્યશ્રી ડૉ. એસ. ડી. મોરીએ ટેકો આપ્યો હતો.

"ચર્ચા વિચારણા બાદ સદ્દરહુ પ્રસ્તાવનો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત પ્રસ્તાવની બાબત હાલ અમલમાં હોય, નોંધ લેવી.**

૯ સિન્ડિકેટ — તા.૦૭/૧૨/૨૦૧૯ના રોજ મળેલ સેનેટની (વાર્ષિક) સભામાં કામકાજ ક્રમાંક ૨૦ ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સેનેટ સભ્યશ્રી ડો. સુરભિ જી. દવે

"આથી આજની સેનેટની સભા ઠરાવે છે કે વિદ્યાર્થીનીઓને થતી જાતીય સતામણી કે હેરેસમેન્ટનાં સંદર્ભમાં ઝડપી અને પારદર્શક કાર્યવાહી કરવામાં આવે, વુમન સેલ કે કમિટિ સંપૂર્ણ રીતે UGCની ગાઈડલાઈન મુજબ રચવમાં આવે અને તેમાં યુનિવર્સિટીની બહારનાં હોય તથા લિગલ/કાયદાનાં જાણકાર હોય તેવા મહિલાની નિમણુક કરવામાં આવે. આ સંદર્ભે નૈતિક અધઃપતન, જાતીય સતામણી કે યુનિવર્સિટીને લાંછન લાગે તેમ હોય તેવા કિસ્સામાં કોઈ પણ પ્રકારની ફરિયાદ કરવામાં ન આવી હોય તેમ છતા

યુનિવર્સિટી તપાસ સમિતિ રચી તેના આધાર પુરાવા સહિતના રીપોર્ટને આધારે પોતેજ કાર્યવાહી કરી શકશે. આ માટે તુરત જ કોઈ ચોક્કસ નીતિ ઘડી ઝડપી અમલવારી થાય તે માટે સંબંધિત સતામંડળને ભલામણ કરવામાં આવે છે."

ઉપર્યુક્ત પ્રસ્તાવ સેનેટ સભ્યશ્રી ડો. સુરભિ જી. દવેએ રજૂ કર્યો હતો અને તેને સેનેટ સભ્યશ્રી ડૉ. જી. સી. ભીમાણીએ ટેકો આપ્યો હતો.

"ચર્ચા વિચારણા બાદ સદરહુ પ્રસ્તાવને યુ.જી.સી. નોર્મ્સની મર્યાદામાં સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત પ્રસ્તાવની નોંધ લેવી.**

૧૦ સિન્ડિકેટ — તા.૦૭/૧૨/૨૦૧૯ના રોજ મળેલ સેનેટની (વાર્ષિક) સભામાં કામકાજ ક્રમાંક ૨૧ ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સેનેટ સભ્યશ્રી ડો. પ્રિયવદનભાઈ કોરાટ

"આથી આજની સેનેટની આ સભા ઠરાવે છે કે પરીક્ષાર્થી આર.ટી.આઈ. અન્વયે ઉત્તરવહીની નકલ માંગે તે આપવામાં આવે છે. પરંતુ ઉત્તરવહીમાં સાચા જવાબ હોય અને મુલ્યાંકનકારે ગુણ આપેલ ન હોય તો સુધારો થતો નથી, આવા સંજોગોએ પરીક્ષાર્થીનાં શિક્ષણનાં હિતમાં પુનઃમુક્યાંકન ફી લઈ ઉત્તરવહીનું પુનઃમૂલ્યાંકન કરાવી ગુણ સુધારો આપવા સંબંધીત સત્તા મંડળને ભલામણ કરવામાં આવે છે."

ઉપર્યુક્ત પ્રસ્તાવ સેનેટ સભ્યશ્રી ડો. પ્રિયવદનભાઈ કોરાટે રજૂ કર્યો હતો અને તેને સેનેટ સભ્યશ્રી ડૉ. જે.એલ. ગરમોરાએ ટેકો આપ્યો હતો.

"ચર્ચા વિચારણા બાદ સદરહુ પ્રસ્તાવને સક્ષમ સત્તામંડળ સમક્ષ રજૂ કરવા સ્વીકાર કરવામાં આવ્યો."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત પ્રસ્તાવ પરીક્ષા સંચાલન સમિતિ સમક્ષ રજૂ કરવો.**

૧૧ પરીક્ષા-૫ — સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ ૧૮ (૧) (VII) ની જોગવાઈ મુજબ આગામી માર્ચ-૨૦૨૦ની સેનેટ સભામાં જે તે વિદ્યાર્થીઓએ પદવી/ડિપ્લોમા પ્રદાન માટે આવેદનપત્રો ભર્યા હોય અને જેઓ પદવી/ડિપ્લોમા મેળવવાને પાત્ર હોય તેવા દરેક વિદ્યાર્થીઓને સ્ટેચ્યુટ–૧૫૮માં દર્શાવેલ પદવી/ડિપ્લોમા હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ–૧૮ (૧) (VII) અન્વયે ભલામણ કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ ૧૮ (૧) (VII) ની જોગવાઈ અનુસાર જે તે વિદ્યાર્થીઓએ પદવી/ડિપ્લોમા પ્રદાન માટે આવેદનપત્રો ભર્યા હોય અને જેઓ પદવી/ડિપ્લોમા મેળવવાને પાત્ર હોય તેવા દરેક વિદ્યાર્થીઓને સ્ટેચ્યુટ-૧૫૮માં દર્શાવેલ પદવી/ડિપ્લોમા હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને ભલામણ કરવી.**

૧૨ જોડાણ આચાર્યશ્રી, મણીધર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-અમરેલી સંચાલિત માતૃશ્રી શાંતાબેન દયાળજી કોટક લો કોલેજ-અમરેલી તરફથી તા.૨૭/૧૧/૨૦૧૯ના રોજની કોલેજના નામ બદલવાની રજૂઆત અન્વયે સિન્ડિકેટમાં વિચારણા કરવા બાબત.

| **સંસ્થા/કોલેજનું જુનું નામ** | **સંસ્થા/કોલેજનું નવું નામ** |
|---|---|
| મણીધર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-અમરેલી સંચાલિત માતૃશ્રી શાંતાબેન દયાળજી કોટક લો કોલેજ-અમરેલી | મણીધર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-અમરેલી સંચાલિત માતૃશ્રી જડીબા પરશોતમભાઇ ખેની લો કોલેજ-અમરેલી |

નોંધ:- ૧. મણીધર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-અમરેલી સંચાલિત માતૃશ્રી શાંતાબેન દયાળજી કોટક લો કોલેજ-અમરેલી તરફથી તા.૨૭/૧૧/૨૦૧૯ના રોજની કોલેજના નામ બદલવાની રજૂઆત અન્વયે જોડાણની તા.૦૩/૧૨/૨૦૧૯ નોંધ પર મળેલ આદેશ મુજબ સિન્ડિકેટમાં વિચારણામાં મુકવા આદેશ થયેલ છે.

૨. સંસ્થાનો તા.૨૩/૧૧/૨૦૧૯નો ઠરાવ.

૩. જોડાણ વિભાગની તા.૦૩/૧૨/૨૦૧૯ની નોંધ.

**આથી ઠરાવવામાં આવે છે કે જોડાણ વિષયક યુ.જી.સી.ની જોગવાઈઓનો અભ્યાસ કરી બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.**

**(નોંધ: ઉપર્યુક્ત કોલેજની નામ બદલવાની રજૂઆત અને જોડાણની તા.૦૩/૧૨/૨૦૧૯ની નોંધ પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૩ હિસાબ ફાઈનાન્સ કમિટિની તા.૨૧/૦૧/૨૦૨૦નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ કમિટિની તા.૨૧/૦૧/૨૦૨૦નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજૂર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૨૧/૦૧/૨૦૨૦નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૩" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૪ મહેકમ-બ આ યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારીશ્રી ડો. કે.એન.ખેરને ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી, અમદાવાદ ખાતે કુલસચિવ તરીકે પાંચ વર્ષ માટે નિમણૂંક મળતા મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા પરનો લિયન ચાલુ રાખી ફરજ મુક્ત કરેલ છે તેની નોંધ લેવા બાબત.

નોંધ :

૧. ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી, અમદાવાદ ના તા.૧૫/૬/૧૯ના ઓફિસ ઓર્ડર નં.GTU/Registrar/Appointment/2019/5048 થી મુખ્ય હિસાબી અધિકારીશ્રી ડો.કે.એન.ખેરને રૂા.૩૭૪૦૦-૬૭૦૦૦, ગ્રેડ પે રૂા.૧૦૦૦૦/- થી જોડાયા તારીખથી પાંચ વર્ષના ટેન્યોર મુજબ કુલસચિવ તરીકે નિમણૂંક આપવામાં આવેલ છે.

૨. ડો. કે.એન.ખેરને મહેકમ વિભાગના તા.૧૭/૬/૨૦૧૯ કાર્યાલય આદેશ નં.મહેકમ/બ-૨/૨૮૫/૨૦૧૯ થી તા.૧૭/૬/૨૦૧૯ના રોજ કાર્યાલય સમય બાદ મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા પરનો લિઅન ચાલુ રાખી ફરજ મુક્ત કરવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતની નોંધ લેવી.**

૧૫ મહેકમ-બ ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગની અધિસુચના થી જિલ્લા સહાયક નિરીક્ષક વર્ગ-૧ તરીકે સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, રાજકોટ ખાતે ફરજ બજાવતા શ્રી આર.જે.માંડલીયાની બદલી કરીને તેઓને અત્રેની યુનિવર્સિટીમાં મુખ્ય હિસાબી અધિકારી તરીકે નિમણૂક આપવામાં આવેલ છે, જેની નોંધ લેવા બાબત.

નોંધ :

૧. આ યુનિવર્સિટીના હિસાબી વિભાગના મુખ્ય હિસાબી અધિકારીશ્રી ડો. કે.એન.ખેર ની ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી, અમદાવાદ ખાતે કુલસચિવની જગ્યા પર નિમણૂંક થતાં તેમને તા.૧૭/૬/૨૦૧૯ના રોજ કાર્યાલય સમય બાદ મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા પરનો લિઅન ચાલુ રાખી ફરજ મુક્ત કરવામાં આવેલ છે.

૨. ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના તા.૩/૧/૨૦૨૦ ની અધિસુચના ક્રમાંક: તસમ/૩૪/૨૦૧૮/૩૭૭૧(૨)/ધ થી અત્રેની યુનિવર્સિટીમાં મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરીકે નિમણૂંક આપવામાં આવેલ છે.

૩. શ્રી આર.જે.માંડલીયા અત્રેની યુનિવર્સિટીમાં તા.૧૬/૧/૨૦૨૦ના રોજ ઓફિસ સમય પહેલા મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરીકે ફરજ પર હાજર થયેલ છે.

૪. શ્રી આર.જે.માંડલીયા ને મહેકમ વિભાગના તા.૧૬/૧/૨૦૨૦ના કાર્યાલય આદેશ નં.મહેકમ/બ/૬/૮૭૮/૨૦૨૦ થી શ્રી આર.જે.માંડલીયા ને મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરીકે નિમણૂક આપવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતની નોંધ લેવી.**

| | |
|---|---|
| ૧૬<br>મહેકમ-બ | યુનિવર્સિટીમાં ખાલી રહેલ જુદી જુદી બિન શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે શૈક્ષણિક લાયકાત, ઉંમર અને અનુભવ સંદર્ભે આ સાથે સામેલ પરિશિષ્ઠ મુજબ કરેલ સુધારા વધારા મંજૂર કરવા બાબત. |

નોંધ : ૧. મંજૂર થયેલી જગ્યાઓ પૈકી જેના ભરતીના નિયમોમાં ફેરફાર કરવાના થાય છે તેવી જગ્યાઓ

(૧) પ્રોગ્રામર (કમ્પ્યુટર સેન્ટર) (૨) ડેપ્યૂટી ઇજનેર (સિવીલ)
(૩) ડેટા એન્ટ્રી ઓપરેટર (કમ્પ્યુટર સેન્ટર) (૪) સ્ટેનોગ્રાફર ગ્રેડ-સી (આંબેડકર ચેર)

૨. મંજૂર થયેલી જગ્યાઓ પૈકી વર્ષ ૨૦૧૬માં સિન્ડીકેટની બહાલીની અપેક્ષા એ મંજુર થયેલ ભરતીના નિયમો, જેને સિન્ડીકેટ દ્વારા બહાલી આપવાની થાય છે.

(૧) સિસ્ટમ મેનેજર (કમ્પ્યુટર સેન્ટર) (૨) સિસ્ટમ એનાલિસ્ટ (કમ્પ્યુટર સેન્ટર)
(૩) ટેકનિકલ આસિસ્ટન્ટ (લાઈબ્રેરી) (૪) ટેકનિકલ આસિસ્ટન્ટ (કોમ્પુટર સાયન્સ)
(૫) ગેસ મીકેનિક (કેમેસ્ટ્રી)

૩. મંજૂર થયેલી જગ્યાઓ પૈકી જેના ભરતી ના નિયમો મંજુર કરવાના થાય છે તેવી જગ્યાઓ

(૧) સ્ટોરકીપર (ફાર્મસી) (૨) ડિપાર્ટમેન્ટલ સ્ટોરકીપર (હોમ સાયન્સ)
(૩) લેબોરેટરી ટેકનીશ્યન (ફાર્મસી) (૪) લેબોરેટરી આસિસ્ટન્ટ (ફાર્મસી)

૪. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ નં.સી.આર.આર.-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ-૫ થી ભરતીના નિયમોના વય મર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરીને નીચે મુજબ નિયત કરવામાં આવેલ છે.

- સ્નાતક શૈક્ષણિક લાયકાતની જોગવાઈ હોય ત્યાં ૩૦ વર્ષને બદલે ૩૫ વર્ષ કરવામાં આવેલ છે.
- સ્નાતક કરતાં ઓછી શૈક્ષણિક લાયકાત (ડિપ્લોમા, ધોરણ-૧૦, ધોરણ-૧૨) ની જોગવાઈ હોય ત્યાં ૨૮ વર્ષને બદલે ૩૩ વર્ષ કરવામાં આવેલ છે.
- આ વય મર્યાદાનો લાભ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., ઈ.ડબલ્યુ.એસ. અને મહિલા અનામતને હાલ મળતી વયમર્યાદાના લાભ ઉપરાંતનો રહેશે.
- આ બાબતે તા. ૨૭-૭-૨૦૧૬ના રોજ મળેલ સિન્ડીકેટની સભાના ઠરાવનં-૪ થી નોંધ લેવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી અંગેની અગાઉ જાહેરાતો (કુલસચિવ, પરીક્ષા નિયામક સિવાય) રદ કરી, ઉમેદવારોને ફી પરત કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ભરતીના નિયમોમાં સુધારા વધારા માટે સમિતિની રચના કરવા તથા તે પરત્વે નિર્ણય લેવાની સતા માન.કુલપતિશ્રીને આપવી.**

**(નોંધ : કુલ-૧૩ બિન શૈક્ષણિક જગ્યાઓના લાયકાતના ધોરણો પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૭ મહેકમ-બ માન.કુલપતિશ્રી દ્વારા પ્લેસમેન્ટ સેલનું માળખુ ઊભુ કરવા તથા સેલના નિતીનિયમો નિયત કરવા તથા તેને આનુસંગિક બાબતો માટે બે નિષ્ણાંતોનો અભિપ્રાય મેળવવા નિમેલી કમિટીના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

નોંધ : ૧. શ્રી નરેન્દ્રભાઈ દવે નિવૃત અધિકારી, ટ્રેઝરી ઓફિસ તથા એડવોકેટ શ્રી જી.આર.ઠાકર દ્વારા તા.૨૪/૧૨/૨૦૧૯ના રોજ માન.કુલપતિશ્રીને અહેવાલ સુપ્રત કરેલ છે.

૨. અહેવાલ પરત્વે વિચારણા કરવા સમયે નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લેવાના રહે.

**નિવૃત્ત કર્મચારીઓ માટેની બાબત :-**

- અહેવાલમાં જણાવ્યા મુજબ નિવૃત કર્મચારીઓને રાખવાની પ્રથા બંધ કરવા જણાવેલ છે.

- નિવૃત કર્મચારીઓની સેવા લેવામાં આવે છે તેઓના ઈ.પી.એફ કાપવાનો પ્રશ્ન રહેતો નથી તેમજ નિવૃત કર્મચારીઓ નિયત વય વટાવી ચુક્યા હોય નિયમિત થવા બાબતે કે પેન્શન વિષયક લાભોની માંગણી કરવા બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- નિવૃત કર્મચારીઓની સેવા પુન નિમણુક તરીકે નહિ પરંતુ મહેનતાણું ચૂકવીને લેવામાં આવતી સેવા છે .જેથી કોઈ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થવાનો સંભવ રહેતો નથી.

- નિવૃત કર્મચારીઓના મહેનતાણાનો ખર્ચ સરકારશ્રીની ગ્રાન્ટ સામે પડતો નથી.

- યુનિવર્સિટીમાં મોટા ભાગની જગ્યાઓ રદ થતા અનુભવી સ્ટાફની અછત હોવાને કારણે વહીવટ ખોરવાય નહિ તે હેતુ સબબ નિવૃત કર્મચારીઓનો બહોળો અનુભવ ધ્યાને લઈ સેવાઓ લેવામાં આવે છે.

**માન .મુખ્યમંત્રીશ્રીની એપ્રેન્ટીસ યોજના બાબત :-**

- માન .મુખ્યમંત્રીશ્રીની એપ્રેન્ટીસ યોજના હેઠળ જે ઉમેદવારને રાખવામાં આવે છે તેમને એપ્રેન્ટીસની મુદ્દત પુરી થયા બાદ છુટ્ટા કરવાના રહે છે.

- એપ્રેન્ટીસ યોજના હેઠળ રાખવામાં આવેલ ઉમેદવારની સેવા યુનીવર્સીટી ને જરૂર જણાય તો આઉટ સોસિંગ એજન્સી મારફત એજન્સી મારફત લેવાની રહે.

- પ્રતિ વર્ષ કુલ સેટ અપના ન્યૂનતમ ૨.૫ ટકા મુજબ એપ્રેન્ટીસ એક્ટ અન્વયે નિમણુક આપવાની થાય છે.

**પ્લેસમેન્ટ સેલ બાબત :-**

- યુનિવર્સિટીમાં આ અગાઉ કોન્ટ્રકટ બેઇઝ સ્ટાફની સેવા આઉટસોર્સિંગ એજન્સી મારફત લેવામાં આવતી હતી.

- સિન્ડીકેટ તા.૧૧/૦૧/૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક:૨૭ થી આઉટસોર્સિંગ એજન્સીને બદલે પ્લેસમેન્ટ સેલ ઉભુ કરી તેની મારફત સેવા લેવાનો ઠરાવ થયેલ.

- કોન્ટ્રકટ બેઇઝ સ્ટાફની સેવા આઉટસોર્સિંગ મારફત લેવી તે યુનિવર્સિટીના હિતમાં છે જેથી ભવિષ્યમાં આ પ્રકારના સ્ટાફને નિયમિત ધોરણે સમાવા માટે ના કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થવાનો સંભવ ન રહે.

- કોન્ટ્રકટ બેઇઝ સ્ટાફ ૫ વર્ષ કે તેથી વધુ સમયગાળા માટે સેવા આપે તો તેઓને ગ્રેચ્યુઈટી એક્ટ મુજબ ગ્રેચ્યુઈટી ચુકવવાની રહે છે.

**કોર્ટ મેટર્સ :-**

- ૫ આઉટસોર્સિંગ સ્ટાફ દ્વારા નામ .ગુજરાત હાઈકોર્ટ / નામ .શૈક્ષણિક સંસ્થા

સેવા ટ્રીબ્યુનલમાં દાદ માંગેલ છે .નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ સંદર્ભે સંબંધિત અરજદારોને શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રીબ્યુનલમાં દાદ માંગવાનો આદેશ કરેલ છે અને યુનિવર્સિટીને આ સ્ટાફને નામ.શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રીબ્યુનલમાં અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી યુનિવર્સિટીની સેવામાં લેવા પણ જણાવેલ છે.

- અરજદારોએ નામ.શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રીબ્યુનલમાં દાદ માંગેલ પરંતુ નામ.શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રીબ્યુનલ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ પ્રક્રીયા કરી ફરીથી નામ.શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રીબ્યુનલમાં આવવા જણાવેલ છે.

- હાલ અરજદારો દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ કાર્યવાહી કરવા અંગે કન્ટેમ્પટ પીટીશન દાખલ કરેલ છે તેમજ અન્ય એક પીટીશન દાખલ કરેલ છે ,જે હાલ અનિર્ણિત છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતે અભ્યાસ કરી અહેવાલ આપવા સર્વે સિન્ડિકેટ સભ્યશ્રીઓની સમિતિની રચના કરવી તથા તે પરત્વે નિર્ણય લેવાની સતા માન.કુલપતિશ્રીને આપવી.**

**(નોંધ : કમિટિનો અહેવાલ પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૮ યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે/સેલ્ફ ફાયનાન્સ
મહેકમ-અ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત એસોસિએટ/આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૧ એસોસિએટ પ્રોફેસર | તા.૨૩/૦૧/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| ૨ | ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૧ આસિસ્ટન્ટ પ્રોફેસર | તા.૨૩/૦૧/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ ભવનમાં સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત એસોસિએટ/આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યાઓ ભરવા માટે ઉપર દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ મુજબ એસોસિએટ પ્રોફેસરમાં ડૉ. વૈભવ ભટ્ટ અને આસીસ્ટન્ટ પ્રોફેસરમાં શ્રી ધવલ મયુરકુમાર વ્યાસને નિમણુંક આપવી.**

**(નોંધ : વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

૧૯ લીગલ ડો.હરેશભાઈ શામજીભાઈ ઝાલા, પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને સમાજશાસ્ત્ર ભવનમાં પી.એચ.ડી. માં પ્રવેશ મેળવવા ઈચ્છથી વિધાર્થીની સાથેની વાતચીત તા.૨૩/૦૧/૨૦૨૦ ના રોજ સાંજના ૬ : ૦૦ કલાક બાદ વિવિધ ઇલેક્ટ્રોનિક મીડિયામાં તથા તા.૨૪/૦૧/૨૦૨૦ ના દૈનિક વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધિ થતાં તથા તે પરત્વે માન.કુલપતિશ્રીના આદેશાનુસાર સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવનનાં પ્રોફેસર અને અધ્યક્ષ ડો. હરેશભાઈ શામજીભાઈ ઝાલાને તાત્કાલિક અસરથી અત્રેની યુનિવર્સિટીનાં તા.૨૪/૦૧/૨૦૨૦નાં કા.આ.ક્રમાંક : કા./૮૦૩/૨૦૨૦ આદેશથી ફરજ મોકુફી પર મુકવામાં આવેલ છે. ડો. ઝાલાને તા.૨૪/૦૧/૨૦૨૦થી ફરજ મુક્તિ પર મૂક્યાના માન.કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી (રેકટીફિકેશન) આપવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી અને ઉપર્યુક્ત બાબતે ખાતાકીય તપાસ માટે નિવૃત જજની નિયુક્તિ કરવી.**

૨૦ સિન્ડિકેટ સિન્ડિકેટ સભા તા.૨૦/૧૨/૨૦૧૯નાં ઠરાવ ક્રમાંક ૦૨ અન્વયે સિન્ડિકેટ દ્વારા જે સમિતિની રચના કરવામાં આવેલ તે પરત્વે બોલાવવાની બાકી રહેતી સમિતિની બેઠકોની યાદી નીચે મુજબ છે. જેની નોંધ લેવા બાબત.

| ક્રમ | વિભાગ | સિન્ડિકેટ તારીખ | બાબત |
|---|---|---|---|
| ૧. | પરીક્ષા | ૧૪/૦૮/૨૦૧૯, ઠરાવ ક્રમાંક ૪૮ | સપ્લીમેન્ટરી પરીક્ષાનાં પુનઃમૂલ્યાંકન અંગે કમિટિની મીટીંગ તા.૦૯/૧૨/૨૦૧૯ થયેલ કાર્યવાહી નોંધ સહીમાં છે. |
| ૨. | પરીક્ષા | ૧૪/૦૮/૨૦૧૯, ઠરાવ ક્રમાંક ૪૮ | પ્રશ્નપત્રો ઓબ્ઝર્વર દ્વારા લઈ જવામાં આવે તે અંગે કમિટિની મીટીંગ તા.૨૧/૦૧/૨૦૨૦ થયેલ. |
| ૩. | પરીક્ષા | ૨૨/૧૦/૨૦૧૯, ઠરાવ ક્રમાંક ૧૨ | એકી સાથે બે કે વધુ ડીગ્રી પ્રમાણપત્ર લેવામાં આવે તે અંગે કમિટિની રચના કરવામાં આવેલ છે, તે અન્વયે મીટીંગ બોલાવવા નોંધ મુકવામાં આવેલ છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવામાં આવી.**

૨૧ સિન્ડિકેટ તા.૧૪/૦૮/૨૦૧૯ ઠરાવ નં.૪૮(૪) અન્વયે કાઉન્સિલ સિવાયના અભ્યાસક્રમોની
પરીક્ષા-૪ રીમીડીયલ પરીક્ષા લેવા બાબતે સમિતિએ કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

નોંધઃ- (૧) સિન્ડિકેટ તા.૧૪/૦૮/૨૦૧૯માં ઠરાવ નં.૪૮ (૪) અન્વયે છ સભ્યશ્રીઓની સમિતિ નિયત કરવામાં આવેલ તે સમિતિ સભ્યોની મીટીંગ ૦૯/૧૨/૨૦૧૯નાં રોજ મળેલ હતી. જેમાં કાઉન્સિલ સિવાયના અભ્યાસક્રમોની રીમીડીયલ પરીક્ષાઓનું રીએસેસમેન્ટ કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

(૨) સમિતિએ જે અહેવાલ આપેલ છે તે નીચે મુજબ છે. જેને કુલપતિશ્રી દ્વારા મંજૂર કરવાનો થાય છે.

(૩) "વિદ્યાર્થીઓને મુલ્યાંકન બાદ પુનઃમુલ્યાંકનની પણ તક મળે છે. તે ઉપરાંત રીમીડીયલ પરીક્ષા પણ લેવાય છે. તેથી તેને પુરતી તક મળતી હોવાથી કાઉન્સિલ સિવાયના અભ્યાસક્રમોની રીમીડીયલ પરીક્ષાઓનું રીએસેસમેન્ટ કરવું નહિ."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત કમિટિની ભલામણ મંજૂર કરવી.**

**(નોંધઃ- ઉપર્યુક્ત બાબત પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૨ ડો. હરેશ શામજીભાઈ ઝાલા, પ્રોફેસર અને અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવન, સૌરાષ્ટ્ર
મહેકમ-અ યુનિવર્સિટી, રાજકોટ અને સમાજશાસ્ત્ર ભવનમાં પીએચ.ડી.માં પ્રવેશ મેળવવા ઈચ્છતી વિદ્યાર્થીની સાથેની ઓડિયો ક્લીપ તા.૨૩/૦૧/૨૦૨૦ના રોજ સાંજના ૦૬.૦૦ કલાક બાદ વિવિધ ઈલેક્ટ્રોનિક મિડીયામાં તથા તા.૨૪/૦૧/૨૦૨૦ના દૈનિક વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતા તથા તે પરત્વે માન.કુલપતિશ્રીના આદેશાનુસાર ડો. ઝાલાને તા.૨૪/૦૧/૨૦૨૦ થી ફરજ મોકુફી પર મુકવામાં આવેલ છે. ડો. ઝાલા અને કથિત પીડિતા અંગે યોગ્ય તપાસ કરી સમગ્ર અહેવાલ આપવા અત્રેની યુનિવર્સિટીના તા.૨૪/૦૧/૨૦૨૦ના પત્રથી પ્રીસાઈડીંગ ઓફીસરશ્રી, આંતરિક ફરિયાદ સમિતિને જણાવવામાં આવેલ જે પરત્વે આંતરિક ફરિયાદ સમિતિએ રજુ કરેલ તા.૩૧/૦૧/૨૦૨૦ના અહેવાલ પરત્વે યોગ્ય વિચારણા થવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતે સાયબર ક્રાઈમ / FSLમાં જાણવા જોગ અરજી કરવી અને તે પરત્વે આગળની કાર્યવાહી હાથ ધરવી.**

**( નોંધ :- સમિતિ નો અહેવાલ સભા સમયે રજુ કરવામાં આવેલ.)**

૨૩ આચાર્ય, શ્રી ગુરુવંદના એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ સંચાલિત-માતૃશ્રી શાંતાબેન
જોડાણ આર્ટસ કોલેજ-દેરડી (કુંભાજી) તરફથી જુન-૨૦૨૦-૨૧ થી સંલગ્નમાં નવા અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત: (નવું જોડાણ)

વિજ્ઞાન વિદ્યાશાખા:

બી.એસસી (મુખ્ય/ગૌણ)

મેથ્સ, ફિઝીક્સ, કેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી, બોટની, ઝુલોજી, બાયોટેકનોલોજી

નોંધ:
૧. સિન્ડિકેટ તા.૧૪/૧૦/૨૦૧૯ની સભાના ઠરાવ નં.૧૩ અનુસાર ફરી એજ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓની નિયુક્તિ કરવામાં આવેલ.

૨. સંસ્થાનો તા.૧૮/૧૦/૨૦૧૯નો રી-એલ.આઈ.સી. અહેવાલ તા.૨૦/૧૧/૨૦૧૯ના રોજ અત્રે મળેલ છે. અને ભલામણ કરેલ છે. અહેવાલ સાથે સીડી તથા ફોટા સામેલ રાખેલ છે.

૩. સંસ્થા પાસે ટ્રસ્ટીના નામ પર એક એકર ૧૦ ગુઠા જમીન છે. જેની નકલ અહેવાલ સાથે સામેલ છે.

૪. વિદ્યાર્થી દીઠ બાંધકામ ૧૧ ફુટ અહેવાલમાં દર્શાવેલ છે.

૫. કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે/સી.સી.ટીવી કેમેરા રેકોર્ડીંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, શ્રી ગુરુવંદના એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ સંચાલિત-માતૃશ્રી શાંતાબેન આર્ટસ કોલેજ-દેરડી (કુંભાજી) તરફથી જુન-૨૦૨૦-૨૧ થી સંલગ્ન કોલેજમાં બી.એસસી. અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવા તા.૧૫/03/૨૦૨૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતમાં દર્શાવેલ વિજ્ઞાન વિદ્યાશાખાનાં બી.એસસી.ના વિષયોનું તા.૧૫/૦૬/૨૦૨૦ થી તા.૧૪/૦૬/૨૦૨૧ સુધી એક વર્ષનાં નવા જોડાણની** સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી **આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

**(નોંધ:- ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૪ જોડાણ
આચાર્યશ્રી, શ્રી પીપલ્સ વેલ્ફેર સોસાયટી સંચાલિત-બી.આર.એસ. કોલેજ-ડુમીયાણી તરફથી જુન ૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં નવા બી.એસસીનાં અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેનાં નીડ-સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત:
વિજ્ઞાન વિદ્યાશાખા: (નવું જોડાણ)
પ્રથમ બી.એસસી (મુખ્ય/ગૌણ)
ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ, માઈક્રોબાયોલોજી

નોંધ: ૧. સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીનો તા.૦૩/૦૮/૨૦૧૯નો અહેવાલ તા.૧૮/૧૧/૨૦૧૯ના રોજ અત્રે મળેલ છે. અહેવાલ સાથે સીડી સામેલ છે તેમજ લેબ નિયમ મુજબની સાધન સંપન્ન છે. સ્ટાફ આઇડેન્ટિફાઈડ છે. સગવડતા પૂરી છે. માન્યતા આપવી તેમ અહેવાલમાં સ્પષ્ટ ભલામણ કરેલ છે. અહેવાલ સાથે સીડી સામેલ છે.

૨. સંલગ્નમાં નવા બી.એસસી અભ્યાસક્રમના શૈક્ષણિક સ્ટાફ અન્વયે કોલેજે ૬નો એડહોક સ્ટાફ દર્શાવેલ છે. તેમજ બાહેધરી આપેલ છે.

૩. સંસ્થા ૮ હેકટર ૭૨ આરે અને ૧૦ ચો.મી. જમીન પોતાના નામે ધરાવે છે. જેનો આધાર (૮-અ)ની નકલ તેમજ ટ્રસ્ટને સરકારશ્રી દ્વારા ૦૯/૦૪/૯૨ નાં પત્રથી વર્ષ ૧૯૯૨ થી ૨૦૨૧ સુધીની મુદત માટે ભાડા પેટે આપેલ છે. જેની નકલ એલ.આઈ.સી. અહેવાલ સાથે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, શ્રી પીપલ્સ વેલ્ફેર સોસાયટી સંચાલિત-બી.આર.એસ. કોલેજ-ડુમીયાણી તરફથી જુન-૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં બી.એસસી. અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવા તા.૧૫/03/૨૦૨૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતમાં દર્શાવેલ વિજ્ઞાન વિદ્યાશાખાનાં બી.એસસી.ના વિષયોનું તા.૧૫/૦૬/૨૦૧૯ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સુધી એક વર્ષનાં નવા જોડાણની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

**(નોંધ:- ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૫ જોડાણ આચાર્યશ્રી, શ્રી જીવન જ્યોત ટ્રસ્ટ-વાઘેલા સંચાલિત, જીવન જ્યોત મહિલા બી.એ. બી.એડ ઇન્ટીગ્રેટેડ કોલેજ-વાઘેલા તરફથી જુન ૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં નવા બી.એસસીનાં અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેનાં નીડ-સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગતઃ
વિજ્ઞાન વિદ્યાશાખા: (નવું જોડાણ)
પ્રથમ બી.એસસી (મુખ્ય/ગૌણ)
ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ, માઈક્રોબાયોલોજી, બોટની

નોંધ: ૧. સિન્ડિકેટ તા.૧૪/૧૦/૨૦૧૯ની સભાના ઠરાવ નં.૩૫ અનુસાર ફરી એજ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓની નિયુક્તિ કરવામાં આવેલ.

૨. સંસ્થાનો તા.૨૩/૧૨/૨૦૧૯નો રી-એલ.આઈ.સી. અહેવાલ તા.૦૩/૦૨/૨૦૨૦ના રોજ અત્રે મળેલ છે. જોડાણ આપવા ભલામણ કરેલ છે. અહેવાલ સાથે સીડી અને ફોટા સામેલ રાખેલ છે.

૩. સંસ્થા દ્વારા મંજુરી મળ્યે શૈક્ષણિક માન્યતા વાળો સ્ટાફ ભરવાની બાહેધરી આપવામાં આવેલ છે.

૪. એલ.આઈ.સી. સભ્યો દ્વારા ફિઝીક્સ અને માઈક્રો લેબ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓના એનરોલ સ્વીકારવા તેમ ભલામણ કરવામાં આવે છે.

૫. સંસ્થા પાસે ૫ એકરથી વધુ જમીન ટ્રસ્ટના નામે આવેલ છે. જેના આધારો અહેવાલમાં રજૂ રાખેલ છે.

૬. સંલગ્ન કોલેજમાં નવા અભ્યાસક્રમ માટેની માળખાકીય સુવિધાઓ ધરાવે છે.

**આચાર્યશ્રી, શ્રી જીવન જ્યોત ટ્રસ્ટ-વાઘેલા સંચાલિત, જીવન જ્યોત મહિલા બી.એ. બી.એડ ઇન્ટીગ્રેટેડ કોલેજ-વાઘેલા તરફથી જુન-૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં બી.એસસી. અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવા તા.૧૫/૦૩/૨૦૨૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતમાં દર્શાવેલ વિજ્ઞાન વિદ્યાશાખાનાં બી.એસસી.ના વિષયોનું તા.૧૫/૦૬/૨૦૧૯ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સુધી એક વર્ષનાં નવા જોડાણની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

**(નોંધ:- ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૦૯" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૬ જોડાણ — આચાર્યશ્રી, શ્રી કલાવર્ધન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-નવયુગ બી.એડ કોલેજ-મોરબી તરફથી જુન ૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં નવા બી.બી.એનાં અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે

પરત્વેનાં નીડ-સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત:
બિઝનેશ મેનેજમેન્ટ વિદ્યાશાખા-(નવું જોડાણ)
બી.બી.એ.ના અભ્યાસક્રમ

નોંધ: ૧. સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૧૯/૦૧/૨૦૧૦ના રોજનો અહેવાલ અત્રે તા.૦૪/૦૨/૨૦૨૦નાં રોજ મળેલ છે. અહેવાલ સાથે સીડી સામેલ રાખેલ છે. એલ.આઈ.સી. સભ્યો દ્વારા ભલામણ કરેલ છે.

૨. સંસ્થા દ્વારા મંજુરી મળ્યે શૈક્ષણિક માન્યતા વાળો સ્ટાફ ભરવાની બાહેધરી આપવામાં આવેલ છે.

૩. સંસ્થા પાસે ૨ એકર જમીન ટ્રસ્ટનાં નામે આવેલ છે. જેના અહેવાલમાં દર્શાવેલ છે તેમજ રજુ રાખેલ છે. સંસ્થા ૨૦૧૧ પહેલાથી જોડાણ ધરાવે છે.

૪. સંલગ્ન કોલેજમાં નવા અભ્યાસક્રમ માટેની માળખાકીય સુવિધાઓ ધરાવે છે.

**આચાર્યશ્રી, શ્રી કલાવર્ધન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-નવયુગ બી.એડ કોલેજ-મોરબી તરફથી જુન-૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં બી.બી.એ. અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના નીડ-સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવા તા.૧૫/૦૩/૨૦૨૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતમાં દર્શાવેલ બિઝનેશ મેનેજમેન્ટ વિદ્યાશાખાનાં બી.બી.એ.ના અભ્યાસક્રમનું તા.૧૫/૦૬/૨૦૧૯ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સુધી એક વર્ષનાં નવા જોડાણની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

**(નોંધ:- ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૭ જોડાણ આચાર્યશ્રી, ગીતાંજલી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત- ગીતાંજલી કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ કોમર્સ-રાજકોટ તરફથી જુન ૨૦૨૦-૨૧ થી સંલગ્નમાં નવા અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેનાં નીડ-સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત: (નવું જોડાણ)

વિજ્ઞાન વિદ્યાશાખા:

બી.એસસી (મુખ્ય/ગૌણ) મેથ્સ, ફિઝીક્સ, કેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી

નોંધ: ૧. સિન્ડિકેટ તા.૨૨/૧૦/૨૦૧૯નિ સભાના ઠરાવ નં.૭ અનુસાર ફરી એજ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓની નિયુક્તિ કરવામાં આવેલ.

૨. સંસ્થાનો તા.૧૪/૧૨/૨૦૧૯નો રી-એલ.આઈ.સી.અહેવાલ તા.૧૭/૧૨/૨૦૧૯ના રોજ અત્રે મળેલ છે અને ભલામણ કરેલ છે. અહેવાલ સાથે સીડી સામેલ રાખેલ છે.

૩. સંસ્થા પાસે ૨૦૦૫ થી ૩૦ વર્ષ માટે રૂ.૧૦૦/-ના સ્ટેમ્પ પર સમજુતી કરાર કરેલ છે જે નોટરાઈઝ કે રજીસ્ટર્ડ થયેલ નથી તેમજ સંસ્થા ૩૦૦૦ ચો.ફુટ જગ્યા સમજુતી કરારથી ધરાવે છે.

૪. સંસ્થા દ્વારા માંગેલ નવું જોડાણ મળ્યેથી સ્ટાફની ભરતી કાર્યવાહી કરવામાં આવશે તેમ અહેવાલમાં જણાવેલ છે.

૫. એલ.આઈ.સી. અહેવાલ ક્રમ-૮માં દર્શાવેલ શરત અન્વયે એલ.આઈ.સી.એ મુકેલ શરત.

| | |
|---|---|
| (૧) કોલેજ શરૂ થયાના ૫ વર્ષ સુધીમાં કોલેજનું મકાન તૈયાર કરાવવું. | -લાંબા ગાળાનું લીઝ છે તેમ જણાવેલ છે. |
| | |
| (૨) કોલેજનું મકાન કોલેજના આચાર્યનું મકાન,છાત્રાલયનું મકાન, વિગેરે બાબતે તેમજ ૫ એકર જમીન કોલેજ શરૂ થયાના ૩ વર્ષ સુધીમાં સંચાલક મંડળની માલિકીની હોવી જોઈશે. | - નિયમાનુસારની વ્યવસ્થાની પૂર્તતા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. ઉચિત સમયે નિયત વ્યવસ્થા પૂર્ણ કરી આપવામાં આવશે. તેમ એલ.આઈ.સી. અહેવાલમાં જણાવેલ છે. |

૬. વિધાર્થી દીઠ બાંધકામ ૯.૫૦ અહેવાલમાં દર્શાવેલ છે.

૭. કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે/સી.સી.ટીવી કેમેરા રેકોર્ડીંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, ગીતાંજલી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત- ગીતાંજલી કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ કોમર્સ-રાજકોટ તરફથી જુન-૨૦૨૦-૨૧ થી સંલગ્ન કોલેજમાં બી.એસસી. અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના નીડ-સ્થાનિક તપાસ**

સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવા તા.૧૫/૦૩/૨૦૨૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતમાં દર્શાવેલ વિજ્ઞાન વિદ્યાશાખાનાં બી.એસસી.ના વિષયોનું તા.૧૫/૦૬/૨૦૨૦ થી તા.૧૪/૦૬/૨૦૨૧ સુધી એક વર્ષનાં નવા જોડાણની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

(નોંધઃ- ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૧૧" તરીકે આ સાથે સામેલ છે.)

અંતમાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.

નં.સિન્ડિકેટ/૧૦૬/૨૦૨૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૧૧/૦૨/૨૦૨૦




પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

<u>નકલ રવાના</u>::--

૧. માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
સ૩. પરીક્ષા નિયામકશ્રી.

Accredited Grade "A" by NAAC

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road, Rajkot – 360005
Phone No. : (0281) 2578501 Ext. No. 116 / FAX No. : (0281) 2586983
E-mail Id : syndicate@sauuni.ac.in

# પરિપત્ર ::–

સંદર્ભ :: અત્રેની સિન્ડિકેટ વિભાગની કાર્યવાહી નોંધ ક્રમાંક નં.સિન્ડિકેટ/૧૦૬/૨૦૨૦,તા.૧૧/૦૨/૨૦૨૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની ફેબ્રુઆરી માસની સામાન્ય સભા બુધવાર, તા.૦૫/૦૨/૨૦૨૦નાં રોજ સવારે ૧૦:૩૦ કલાકે મળેલી જેની કાર્યવાહી નોંધ ઉપર્યુક્ત સંદર્ભથી સર્વે સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે. સદર કાર્યવાહી નોંધમાં ઠરાવ નં.૨૪, ૨૫ અને ૨૬ નીચે મુજબનાં સુધારા સાથે ધ્યાને લેવા વિનંતી.

ઠરાવ નં. ૨૪ : જોડાણ (હાલનો ઠરાવ)

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, શ્રી પીપલ્સ વેલ્ફેર સોસાયટી સંચાલિત-બી.આર.એસ. કોલેજ-ડુમીયાણી તરફથી જુન-૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં બી.એસસી. અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવા તા.૧૫/૦૩/૨૦૨૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતમાં દર્શાવેલ વિજ્ઞાન વિદ્યાશાખાનાં બી.એસસી.ના વિષયોનું તા.૧૫/૦૬/૨૦૧૯ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સુધી એક વર્ષનાં નવા જોડાણની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

ઠરાવ નં. ૨૪: જોડાણ (સુધારેલ ઠરાવ)

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, શ્રી પીપલ્સ વેલ્ફેર સોસાયટી સંચાલિત-બી.આર.એસ. કોલેજ-ડુમીયાણી તરફથી જુન-૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં બી.એસસી. અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવા તા.૧૫/૦૩/૨૦૨૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતમાં દર્શાવેલ વિજ્ઞાન વિદ્યાશાખાનાં બી.એસસી.ના વિષયોનું તા.૧૫/૦૬/૨૦૨૦ થી તા.૧૪/૦૬/૨૦૨૧ સુધી એક વર્ષનાં નવા જોડાણની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

ઠરાવ નં. ૨૫ : જોડાણ (હાલનો ઠરાવ)

આચાર્યશ્રી, શ્રી જીવન જ્યોત ટ્રસ્ટ-વાઘેલા સંચાલિત, જીવન જ્યોત મહિલા બી.એ. બી.એડ ઇન્ટીગ્રેટેડ કોલેજ-વાઘેલા તરફથી જુન-૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં બી.એસસી. અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવા તા.૧૫/૦૩/૨૦૨૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતમાં દર્શાવેલ વિજ્ઞાન વિદ્યાશાખાનાં બી.એસસી.ના વિષયોનું તા.૧૫/૦૬/૨૦૧૯ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સુધી એક વર્ષનાં નવા જોડાણની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

ઠરાવ નં. ૨૫: જોડાણ (સુધારેલ ઠરાવ)

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, શ્રી જીવન જ્યોત ટ્રસ્ટ-વાઘેલા સંચાલિત, જીવન જ્યોત મહિલા બી.એ. બી.એડ ઇન્ટીગ્રેટેડ કોલેજ-વાઘેલા તરફથી જુન-૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં બી.એસસી. અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવા તા.૧૫/૦૩/૨૦૨૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતમાં દર્શાવેલ વિજ્ઞાન વિદ્યાશાખાનાં બી.એસસી.ના વિષયોનું તા.૧૫/૦૬/૨૦૨૦ થી તા.૧૪/૦૬/૨૦૨૧ સુધી એક વર્ષનાં નવા જોડાણની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

ઠરાવ નં. ૨૬ : જોડાણ (હાલનો ઠરાવ)

આચાર્યશ્રી, શ્રી કલાવર્ધન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-નવયુગ બી.એડ કોલેજ-મોરબી તરફથી જુન-૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં બી.બી.એ. અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના નીડ-સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવા તા.૧૫/૦૩/૨૦૨૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતમાં દર્શાવેલ બિઝનેશ મેનેજમેન્ટ વિદ્યાશાખાનાં બી.બી.એ.ના અભ્યાસક્રમનું તા.૧૫/૦૬/૨૦૧૯ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સુધી એક વર્ષનાં નવા જોડાણની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

ઠરાવ નં. ૨૬: જોડાણ (સુધારેલ ઠરાવ)

આચાર્યશ્રી, શ્રી કલાવર્ધન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-નવયુગ બી.એડ કોલેજ-મોરબી તરફથી જુન-૨૦૧૯ થી સંલગ્ન કોલેજમાં બી.બી.એ. અભ્યાસક્રમનાં જોડાણ અંગેની અરજી તથા તે પરત્વેના નીડ-સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવા તા.૧૫/૦૩/૨૦૨૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતમાં દર્શાવેલ બિઝનેશ મેનેજમેન્ટ વિદ્યાશાખાનાં બી.બી.એ.ના અભ્યાસક્રમનું તા.૧૫/૦૬/૨૦૨૦ થી તા.૧૪/૦૬/૨૦૨૧ સુધી એક વર્ષનાં નવા જોડાણની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

નં.સિન્ડિકેટ/૧૦૯/૨૦૨૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૧૭/૦૨/૨૦૨૦



કુલસચિવ

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

નકલ રવાના::--

૧. માન.કુલપતિશ્રી/ માન.ઉપકુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.